# મે. સુરતના ૧૨માં એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મુ.સુરત

ક્રિમીનલ કેસ નંબર– /૨૦૨૪

આંકઃ–૬

કલમ : પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ) મુજબ

## ચુકાદો

(૧) ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે. આજરોજ આરોપી હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડી ગુના કબુલાત પુરશીસ રજુ કરતાં અને પ્લી કરતાં, આરોપીએ સ્વેચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરેલી છે.

(૨) આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુના કબુલાત પુરસીસ સ્વૈચ્છીક હોઇ તે નોંધી પરંતુ, આરોપીની સદરહું કબુલાત તેમના વિરૂધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીઓને આપવામાં આવેલ છે. તેમ છતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરેલ છે તેવી કોર્ટે ખાતરી કરેલ છે. આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા ઇસમ છે અને તેઓ કુટુંબના કમાનાર ઇસમ છે તથા તેઓનો પ્રથમ ગુનો છે. આરોપીની સામાજીક તેમજ આર્થીક પરિસ્થિતિને ધ્યાને લેતાં આરોપી સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઇ, આરોપીની આ કબુલાત હું સ્વીકારૂં છું અને આરોપીને તેમની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવું છું. પરંતુ, આરોપીની કબુલાત તેમજ કેસની હકીકતોને ધ્યાને લેતાં તેમજ નામ. ગુજરાત હાઇકોર્ટ ધ્વારા ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯ નટવરચંદ્ર ઠાકોરના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાતો ધ્યાને લેતા ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

– આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૬૪ અન્વયે તકસીરવાન ઠરાવી પ્રોહી.એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુનામાં આરોપીને રૂ.૧૦૦/– ( અંકે રૂપીયા સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ના ભરે તો આરોપીએ દિન–૦ ૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

– કબજે કરેલ મુદામાલ લીકરનો અપીલ સમય બાદ નાશ કરવો તથા મોબાઈલ / વાહન અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે યથાવત રાખવામાં આવે છે અને જો કોઈ હુકમ ન કરવામાં આવેલ હોય યોગ્ય ખરાઈ કરી પરત સોંપવો અને જો કોઈ રોકડ રકમ અંગે કોઈ વચગાળાનો હુકમ કરેલ હોય તો કાયમ કરવામાં આવે છે અને જો કોઈ હુકમ ન હોય તો સરકાર ખાતે જમા કરવાનો હુકમ કરવામાં આવે છે.

– જામીન ખત આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખઃ– ૧૪/૧૨/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા– ૧૪/૧૨/૨૦૨૪
સુરત

**( કમલેશકુમાર આર. ગાગનાણી )**
**૧૨માં જયુડી. મેજી. ફ.ક.,સુરત.**
**કોડ નં. જી. જે. ૦૧૬૮૭**